RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 7

મે - 2018

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

## દેહની શીતળતા ને પામવા હિલ સ્ટેશનોના મુકામ
## મનની શીતળતાને પામવા 'સેવા અને સત્સંગ'જ મુકામ





# આપણા પ્રકલ્પો, સંકલ્પો અને Outcome

વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો,

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...**

સંગઠન, સેવા અને સમર્પણની સુવાસના મુખ્ય ભાવને લઇને રચનાત્મક અને વિકાસાત્મક પ્રવૃત્તિઓ દ્વારા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ 'સ્વ' થી 'સર્વ' સુધી પહોંચવાનો સતત અને સઘન પ્રયત્ન કરે છે ત્યારે આ વિવિધ પ્રકલ્પોમાં ખભે ખભા મિલાવી વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સાથી હોદ્દેદારશ્રીઓ, વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ અને સૌ દાતા પરત્વે ઊંડા આભારની લાગણી વ્યક્ત કરતા ગૌરવ અનુભવું છું.

આપ સૌ જાણો છો એ મુજબ તેની સ્થાપનાથી લઈને અને ખાસ બે મુખ્ય પ્રકલ્પો સાથે માતૃસંસ્થા વધુ સક્રિય રીતે વિવિધ કાર્યો કરે છે અને તેમાં આપણે ઘણા સફળ પણ રહ્યા છે. દર વર્ષે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને જ્ઞાતિના દર્દીઓને આર્થિક સહાય સાથે હોસ્પિટલનું માર્ગદર્શન, રહેવા જમવાની વ્યવસ્થા, થેલેસેમિયા નાબૂદી અભિયાન, સોશિયલ સિક્યુરીટી માટેનું માર્ગદર્શન તેમજ છેલ્લા બે વર્ષથી ઉચ્ચશિક્ષણ માટે આર્થિક સહાયમાં ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છે. તો સાથે સાથે દરેક વિદ્યાર્થી અને વાલીને મુંઝવતો પ્રશ્ન ધો.૧૦ અને ધો.૧૨ તેમજ કોલેજ શિક્ષણ પૂર્ણ કર્યા પછી કારકિર્દી પસંદગીના વિકલ્પો સૌ માટે ગડમથલ અને ચિંતાજનક બની ગયા છે ત્યારે તાજેતરમાં જ શિક્ષણ સમિતિ દ્વારા આવો એક સરસ મજાનો એક દિવસીય માર્ગદર્શક સેમિનાર ખૂબ જ સફળતાપૂર્વક આપણે અમદાવાદ ખાતે આયોજીત કર્યો જેનો લાભ ૨૦૦ જેટલા યુવક-યુવતીઓએ લીધો. દેશના દરેક વિભાગમાં આવા સેમિનાર આપણે યોજીએ તે માટે સૌ વિભાગીય ઉપપ્રમુખો અને હોદ્દેદારોને મારી નમ્ર અપીલ કરું છું અને અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણી તેમજ તેમની ટીમને અભિનંદન પાઠવું છું.

આપણે સૌ નિર્વિવાદ સંમત થઈશું કે કોઈપણ સમાજની પ્રગતિ અને વિકાસની ધરોહર શિક્ષણ છે. જો સમાજ શિક્ષિત હશે તો તેનામાં સમજદારી કેળવાશે, સમજદારીથી સારા-નરસા અને યોગ્ય-અયોગ્યનો ભેદ પારખવાની આવડત કેળવાશે અને જો આમ થાય તો ઘણા કૌટુંબિક, સામાજીક, વ્યવહારિક તેમજ આરોગ્યલક્ષી પ્રશ્નો ઉદ્‌ભવે જ નહિ. આવો સમાજ અચૂક સમજદાર અને સ્વસ્થ રહી પોતાનું અને અન્યનું પણ કલ્યાણ કરી શકે. આવો, આપણે સૌ સમાજને હજુ વધુ ને વધુ શિક્ષિત બનાવવાનો સંકલ્પ લઈએ. જ્ઞાતિનો કોઈ દિકરો કે દીકરી આર્થિક ભીંસને લઈને ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે માટે કટિબધ્ધ થઈ તમામ મદદ કરવા હંમેશા તૈયાર રહીએ.

શિક્ષણની જેમ આરોગ્યલક્ષી પ્રકલ્પોમાં પણ આપણે સતત સક્રિય રહી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જ્ઞાતિના દરેક મહાજનોના સાથ સહકારની આ તકે નોંધ લઉં છું. હજુ પણ સૌનો સાથ સહકાર ઉત્સાહપૂર્વક મળતો રહેશે તેવી શ્રદ્ધા છે જ. મિત્રો, આપ સૌ જાણો છો કે તા. ૮ મે વિશ્વ થેલેસેમિયા દિવસ જગતભરમાં મનાવાય છે. લોહાણા જ્ઞાતિમાં હજુ પણ આ રોગ સંપૂર્ણપણે નાબૂદ થયો નથી. આપણા સૌની એ નૈતિક ફરજ અને જવાબદારી છે કે સમાજમાં થેલેસેમિયાની વધુ ને વધુ જાગૃતિ ફેલાવીએ. ખૂબ આનંદ અને ગૌરવ સાથે ઉલ્લેખ કરું છું કે આપણી થેલેસેમિયા સમિતિ ખૂબ જ અથાગ પ્રયત્નો આ દિશામાં કરે છે, જેના પરિપાકરૂપે ગુજરાત સરકારે પણ માતૃસંસ્થાને બિરદાવી આપણું બહુમાન કર્યું હતું. ચાલો આપણે સૌ સાથે મળી લોહાણા જ્ઞાતિમાંથી થેલેસેમિયા મેજર નામના રોગને સંપૂર્ણપણે જાકારો આપી સ્વસ્થ સમાજનું નિર્માણ કરીએ.

આગામી તા. ૨૪ જૂનના રોજ કોઇમ્બતૂર લોહાણા સમાજના યજમાનપદે આપણી કારોબારી સમિતિની બેઠક મળે છે ત્યારે સૌ સભ્યો ઉત્સાહભેર ભાગ લે અને આપણે સૌ એક બીજાની શક્તિઓ અને કૌશલ્યો દ્વારા સમગ્ર રઘુવંશી સમાજ માટે સંકલ્પિત સેવાકીય પ્રવૃત્તિઓમાં દિલથી તન, મન અને ધનથી જોડાઈએ અને સમાજને વિશ્વફલક પર યશસ્વી બનાવીએ એવી અભ્યર્થના સહ....

પ્રવિણ કોટક

પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

વર્ષ : 7
મે - 2018
અંક : 76
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. વન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૬૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 20 સળંગ અંક : 235

ઈમેઈલ :

raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
તંત્રી સ્થાનેથી ........ ૪
જ્ઞાતિ ગૌરવ – ભિક્ષુ અખંડાનંદ ........ ૬
મામાનું ઘર ........ ૭
યુવા પેઢી–મોબાઈલના વ્યસને ........ ૮
વિદેશ વિભાગ ........ ૯
વિભાગીય સમાચાર ........ ૧૦
સ્થાયી સમિતિઓના અહેવાલ ........ ૧૫
સંસ્થા સમાચાર ........ ૨૧
શાબાશ રઘુવંશી ........ ૨૨
સદ્‌ગુરુ સદનનું લોકાર્પણ, શૈક્ષણિક સ્કોલરશિપ–૨૦૧૮........ ૨૩
સૌજન્ય જાહેરાત, શ્રી દિપકભાઈ ઠક્કર – અમદાવાદ ........ ૨૪

# થેલેસીમિયા નાબુદી અભિયાન

અંતર્ગત

# પ્રતિજ્ઞા પત્ર

હું રઘુવંશી તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે,
આપણા સમાજમા પ્રસરતા જતા
**'થેલેસીમિયા મેજર'** નામના મહાભયાનક રોગને
જડમૂળથી નાબુદ કરવાના
શ્રી લોહાણા મહાપરિષદના મહાઅભિયાનને
સફળ બનાવવા સતત પ્રયત્નશીલ રહીશ.
હું મારા કુટુંબ, સગા-વ્હાલાં તથા
આપણા સમાજના
તમામ અપરણિત યુવક-યુવતીઓને સગાઈ કે
લગ્ન પહેલા ફરજિયાત થેલેસીમિયા પરીક્ષણ
કરાવે જ... તે માટે સતત પ્રોત્સાહિત કરીશ.
હું મારા ગામ કે શહેરની મહાજન વાડીના
ટ્રસ્ટીશ્રીઓને લગ્ન માટે બુકિંગ કરાવનાર
જ્ઞાતિજનને પોતાના દિકરા-દિકરીના થેલીસીમિયા
પરીક્ષણની માહિતી ફરજિયાત જમા કરાવે
પછી જ વાડીનું બુકિંગ કરે તેવી વિનંતી કરીશ.
હું શ્રી લોહાણા મહાપરિષદના
પ્રમુખ તથા તેમની સમગ્ર ટીમના
**'થેલેસીમિયા મુક્ત રઘુવંશ'** ના સ્વપ્નને
સાકાર કરવામાં મારું શ્રેષ્ઠતમ યોગદાન પ્રદાન કરીશ.
હું જાણું છું કે મારા તમામ રઘુવંશીઓ પણ
ખભેખભો મિલાવી થેલેસીમિયા મેજર નામના
મહારોગને મિટાવી પોતે
રઘુવંશી હોવાનું ગૌરવ પ્રાપ્ત કરશે.

જય જલારામ      જય રઘુવંશ      જય મહાપરિષદ

# (જીવન) પરિક્ષા, કારકિર્દી અને સફળતા



મનુષ્યને મળેલી વિવિધ શક્તિઓમાં વિચારશક્તિ વિશ્વની સૌથી મોટી શક્તિ છે. તેણે જ મનુષ્ય દ્વારા આ ઊબડખાબડ દુનિયાને ચિત્રકળા જેવી સુસજ્જિત અને પ્રયોગશાળા જેવી સુનિયોજિત બનાવી છે. વિનાશ કરવો હશે તો પણ તે જ કરશે. તેને દીન, હીન અને દયનીય સ્થિતિમાં પડી રહેવા દેવાની જવાબદારી પણ તેની જ છે. ઉન્નતિ કે પતનની અધિષ્ઠાત્રી પણ તે જ છે. શિક્ષણની સાધના અને જ્ઞાનની ઉપાસના કરવાથી આ વિચારશક્તિ પ્રાપ્ત કરી શકાય છે અને આજે કરવા યોગ્ય જો કોઈ કામ હોય તો તે છે લોકમાનસનું શુદ્ધિકરણ. આનું બીજું નામ છે વિચારક્રાંતિ. શિક્ષણના ક્ષેત્રમાં તાજેતરમાં જ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ શિક્ષણ સમિતિ દ્વારા કારકિર્દી માર્ગદર્શન અને જીવનમાં સફળ થવાના સિદ્ધાંતો પર એક સેમિનાર થયો. આ માટે શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી ધર્મેશભાઈ હરિયાણી અને તેમની ટીમ તથા શ્રી હિમાંશુભાઈને અભિનંદન આપવા ઘટે.

"સલામતીની ભૂખ દરેક મહાન અને ઉત્તમ સાહસની આડે આવે છે." રોમન ફિલસૂફ ટેક્ટિસનું આ સનાતન સત્યસમું ક્વોટ આજની પરિસ્થિતિમાં વધુ રિલેવન્ટ છે ! આપણે ત્યાં જીંદગીને બહુ "વેલ પ્લાન્ડ" બનાવી દેવામાં આવે છે. કોઈ કેઓસ કે અંધાધૂંધીના ચાન્સ વિનાની. દિકરો કે દિકરીની કારકિર્દીમાં અને જીવનમાં બધું જ આગોતરા આયોજન મુજબ જ થાય એવું આપણે સૌ મા-બાપ ઈચ્છતા હોય છે. એડવેન્ચર નહિ, થ્રિલ નહિ, ફ્રેશ એક્સાઈટમેન્ટ નહિ, કંઈ નવું જ હટકે કરી બતાવવાની ખેવના નહિ !! જન્મથી મૃત્યુ સુધીનો આખો એક ડાહ્યોડમરો સામાજીક એપ્રુવલવાળો ગ્રાફ રેડી હોય છે. ત્રણ વરસે બાલમંદિર, પાંચ વરસે સ્કૂલ, સત્તર વરસે કોલેજ, બાવીસ વર્ષે નોકરી-ધંધો, ૨૫ વર્ષે મમ્મી-પપ્પા, ફોઈ-કાકા, મામા, માસીને ગમતા પાત્ર સાથે ગોઠવેલા લગ્ન, પછીના ત્રણ વરસે સંતાન, કરિયરમાં પ્રમોશન, સંતાનોનું ભણતર, વડીલોની સેવા, પ્રૌઢ વયે માફકસરની અને માપસરની ભક્તિ, સાથે થોડીક રોજીંદી દવાઓ ગળતા ગળતા નવી પેઢીની ચિંતા કરતા કરતા ઢળી જવાનું ! આ આપણી પરંપરાગત લાઈફ છે.



જો કોઈ આ ચાલુ ચીલાના ચકરાવાની સલામતીને જરાક ભેદી છેદીને કોઈ થોડો સ્વતંત્ર માર્ગ પકડે ત્યારે ઉહાપોહ શરૂ થાય છે. કારણ છે નવીનતા સામેનો ગભરાટ. પોતાની પ્રિય સેફટી ભાંગીને ભૂક્કો થઈ જશે એ વલવલાટ. આમેય આપણી શિક્ષણ પદ્ધતિ એવી છે કે ધોરણ દસ, બાર કે કોલેજની પરીક્ષાઓ આપ્યા બાદ એક ડર આપણા ટીનએજર્સ કરતાંય વધુ તો એમના મમ્મી-પપ્પાને સતાવતો હોય છે. પરિણામ કેવું આવશે ? કયા કોર્સમાં, કેવી કોલેજમાં, ક્યાં એડમિશન મળશે ? કરિયરનું શું થશે ? જો ધાર્યું નહિ થાય તો બીજાઓ શું વિચારશે ? શું કહેશે ?




સારું. જરા શાંતિથી વિચારો આપણું શું થયું ? આપણા મિત્રો અને સગાસંબંધીઓનું શું થયું? શું બધા બરબાદ થઈને ખતમ થઈ ગયા ? ના, બધા જ કોઈની કોઈ રીતે પોતાની આવડત પ્રમાણે જીવનમાં સેટ થઈ ગયા છે. હા બધાની જીવનયાત્રા એકસરખી નહિ હોય પણ સારો કોર્સ કે સારી કરિયર ન મળી એટલે એ બધા રામમાંથી રામુકાકા થઈ જવાય એવુંય સાવ નથી. બે શક ભણવામાં સારું ધ્યાન આપી શ્રેષ્ઠ પ્રયત્ન કરીને સારી કારકિર્દી માટે પ્રયત્નો કરવા જ જોઈએ, કારણકે એના થકી સંઘર્ષ થોડો આસાન બને છે, ભવિષ્યની કરિયર

સિક્યોર્ડ રહે તો થોડીક ચિંતા ઓછી થાય, આવક વધુ થાય અને અમુક સુખો મોડાને બદલે વહેલા અને વધુ સારા મળે. પણ માની લો કે શક્ય એટલા ઉત્તમ પ્રયાસો પછી ય એ ન થયું તો ? તો કઈ જીંદગી હારી નથી ગયા. લાઈફનો ડેડએન્ડ નથી આવી ગયો. કાદવમાં લપસી પડો એટલે કાદવમાં બેસી રહેવું ફરજીયાત નથી. ટ્રાય ટુ ફાઈટ એન્ડ ફાઈન્ડ ધ વે.



આર્કિટેક્ટ્સ બ્લ્યુ પ્રિન્ટ બનાવે અને બ્રોશરમાં કોમ્પ્યુટરે તૈયાર કરેલા મોડલ મુજબનું કોપી ટુ કોપી મકાન તૈયાર થઈ જાય, એવું લાઈફમાં હંમેશા બનતું નથી. નદીની ભેખડે ઉગેલા વૃક્ષની માફક જીંદગીની ડાળીઓ તો અનિયમિત આકારમાં આડેધડ વિસ્તરે છે, એટલે એ સુંદર લાગે છે. તેથી ન ધારેલું પણ બને એ જ જીવનનો રોમાંચ છે, જેને લીધે એની સાથેનો રોમાન્સ ટકી રહે છે.

માની લો કે આપણી મનગમતી કારકિર્દી માટે યોગ્ય કોર્ષ અને કોલેજમાં એડમિશન મળી ગયું એટલે રાજા બની ગયા એવું નથી. પછી શરૂ થાય છે એ કેરિયરમાં સફળ થવાની સફર અને કરિયરમાં સફળ થવા માટે બે બાબતો અનિવાર્ય છે. કહો કે સફળતાની સફરના બે સ્તંભ છે. ડિસીપ્લીન એન્ડ ડેડીકેશન. આ બે સાથે રહે તો ક્યારેક ડેસ્ટિની પણ પોતાનું ડાયરેકશન બદલાવી દે. પૂરપાટ ભાગતા બાઈકની સ્પીડ આનંદ ત્યારે જ કરાવે, જ્યારે એના ટાયર, ગીયર અને બ્રેક પૂરી શિસ્તમાં એકધારું પરફોર્મ કરતા હોય. મોટા શિખરની ઊંચાઈઓ પર પહોંચનારાઓ નાની નાની ટેકરીઓમાં ભટકવામાં એનર્જી વેડફી નાખતા નથી.! ડેડિકેશન એન્ડ ડિસિપ્લીન આગળ જતા એક કાયમી કોન્ફિડન્સ બિલ્ટઅપ કરે છે અને આખરે સફળતાના સોપાને પહોંચાડે છે. હા હંમેશા આપણે દરેક જગ્યાએ જીતતા નથી. ક્યાંક પછડાટ મળે તો "આઈ નેવર લોસ", "આઈધર આઈ વીન ઓર આઈ લર્ન"નો સ્પિરીટ રાખવો જોઈએ.

આમેય નવી પેઢીને જાતે જવાબદાર નિર્ણયો લેતા આપણી શિક્ષણ પદ્ધતિ શિખવાડતી નથી. પણ એ વાત પણ સ્વીકારવી જ રહી કે ભૂખ, તરસ, ઉંઘની જેમ સલામતી પણ માણસની બેઝિક ઈન્સ્ટિક્ટ છે, પણ સતત સારું સારું ખાધા કરવાથી કે ઉંઘ્યા કરવાથી આરોગ્ય સુધરતું નથી, બગડે છે એમ જ જરૂરી સાવચેતી રાખી, આવશ્યક આવડતો શીખીને પછી સલામતીના અતિરેકને ફગાવીને બહાદૂરી કેળવવી પડે. સમાજમાં સફળ થયેલા મોટાભાગના સેલીબ્રિટીઝના જીવનમાં ડોકિયું કરશો તો ખબર પડશે કે તેઓએ અસંખ્ય મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓની સામે પણ "આઉટ ઓફ બોક્સ" કર્યું અને સફળતા મેળવી.

અતિ સલામતી વિકાસ વિરોધી છે, પ્રગતિ માટે હાનિકારક છે, જીવનનું નામ જ જોખમ છે. રાજ્યાભિષેકના દિવસે રામને વનવાસ મળે અને સમરાંગણની વચ્ચે અર્જુનને ગીતાજ્ઞાન મળે. આમ લાઈફમાં બધું જ પ્રિપ્લાન્ડ કે પ્રેડિક્ટેબલ નથી, એમાં અપ્સ એન્ડ ડાઉન આવ્યા જ કરવાના. આવો આ અકળ કરામત માનીને જીવનને માણ્યા કરીએ અને સફળતા માટે પ્રયત્ન કરતા રહીએ કેમ કે;

'પરાગ જો અંતરમાં હશે તો, એ પાંગરીને કદી પુષ્પ ખીલશે;

મનોરથો સ્વપ્ન મહીં હસે તો, સિધ્ધિરૂપે કાર્ય વિશે જ જન્મશે.''

- પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના

**જ્ઞાતિ ગૌરવ**

## સસ્તા અને ગૌરવવંતા ગુજરાતી સાહિત્યના પ્રેરણાદાતા

# ભિક્ષુ અખંડાનંદ



ગુજરાતી સામાયિક અખંડ આનંદ અને 'સસ્તું સાહિત્ય વર્ધક'ના સ્થાપક ભિક્ષુ અખંડાનંદનો જન્મ તા. ૩-૧-૧૮૭૪ ના રોજ ગુજરાતના ચરોતરના બોરસદ ગામમાં લોહાણા પરિવારમાં થયો હતો. તેમનું મૂળ નામ લલ્લુભાઈ હતું. પિતાનું નામ જગજીવનરામ ઠાકર અને માતાનું નામ હરિબા હતું. ભિક્ષુ અખંડાનંદ માત્ર પાંચ ધોરણ ભણીને તેમણે અભ્યાસ છોડી દીધો. આ લલ્લુભાઈ વાંચનના એટલા બધા શોખીન કે દુકાનમાં બેસાડો તો વેપાર કરવાને બદલે કોઈ ખૂણામાં જઈ ચોપડી લઈ બેસી જાય તથા લલ્લુભાઈને નાનપણથી જ સાધુનો સંગ પ્રિય હતો. ક્યાંય કથા કીર્તનો ચાલતાં હોય તો એ ભાઈ વેપાર-ધંધો એકબાજુ મૂકી ત્યાં જ જોવા મળે. લલ્લુભાઈએ જુદા જુદા વ્યવસાય કર્યા પરંતુ પાછળથી મન વૈરાગ્ય તરફ વળતાં અમદાવાદ આવીને ઇ.સ. ૧૯૦૪માં મહા વદ તેરસને શિવરાત્રીના દિવસે સાબરમતીને કિનારે વૃદ્ધ સંન્યાસી શિવાનંદજી પાસે દીક્ષા ગ્રહણ કરી અને ત્યારપછી તેમનું નામ અખંડાનંદ પડ્યું.

સંન્યાસ લઈને તેમણે સમગ્ર દેશમાં પરિભ્રમણ કર્યું. તેમને વાંચવાનો ખૂબ જ શોખ હોવાથી અનેક ધર્મગ્રંથો વાંચ્યા હતા. સ્વામી અખંડાનંદજી એક વખત નડિયાદ ગયા હતા ત્યાં એમના હાથમાં ભાગવત આવ્યું. એમાં લખેલા એકાદશ સ્કંધથી તેઓ તાજ્જુબ થઈ ગયા. ગીતા કરતાં પણ એ ગ્રંથ વધુ ગમ્યો પછી મનમાં વિચાર આવ્યો કે આ પુસ્તક જો ગુજરાતીમાં શ્લોક સાથે મળે તો કેટલા બધા લોકો લઈ શકે ??? એકવાર હિમાલયથી પાછા ફરેલા સંન્યાસી ભિક્ષુ અખંડાનંદ મુંબઈ આવ્યા. એક પુસ્તકની દુકાને ભજનસંગ્રહ ખરીદવા ગયા તેની કિંમત જોઈ તો ચાર પાંચ ગણી વધારેલ હતી. જેથી એમને થયું કે સામાન્ય વ્યક્તિ પુસ્તકો કઈ રીતે ખરીદી શકે ?? આવા સુંદર પુસ્તકનો આટલો બધો ભાવ ?? તેમણે પ્રકાશકને પૂછ્યું ભાઈ, આ પુસ્તક તો ખરેખર સુંદર છે પણ એનો ભાવ ખૂબ જ વધુ રાખેલો છે છતાંય એકેય પુસ્તક સિલકમાં નથી રહેતું અને આ તેની ચોથી આવૃત્તિ છે. તો તમે સસ્તું ન આપી શકો ?? શા માટે ?? સસ્તું આપો, કિંમત વ્યાજબી રાખો તો સામાન્ય લોકો પણ લાભ લઈ શકે. સ્વામીજીએ કહ્યું કે પ્રકાશકે વળતો જવાબ આપ્યો અમે કમાવા બેઠા છીએ, સેવા કરવા નહીં.

પ્રકાશકની વાત સાંભળીને સ્વામીજીને ખૂબ જ દુ:ખ થયું. તેઓ પુસ્તક લીધા વિના જ પાછા ફર્યા પણ તેમણે મનમાં ગાંઠ વાળી કે ભલે ગમે તે થાય મારે આવું જ પુસ્તક છાપવું.... સસ્તી કિંમત રાખવી અને લોકભોગ્ય બનાવવું તથા સમાજમાં સામાન્ય માણસ પણ લાભ લઈ શકે, વાંચી શકે, ખરીદી શકે એટલી ઓછી કિંમત જ રાખવી... એક સારું કામ કરવાની મનમાં ધગશ લાગી. પોતાને હિમાલય તરફ જવું હતું પણ તે કાર્ય મુલત્વી રાખી એકાદશ સ્કંધનું પ્રકાશન હાથમાં લીધું. શ્રીમંતો મદદ કરવા ઘણાય આગળ આવતા હતા પણ દરેકની કંઈકને કંઈક શરત હતી. કોઈને પોતાનું નામ છપાવવું હતું, કોઈકને પોતાનો ફોટો મુકાવવો હતો, કોઈકને પોતાને અર્પણ થાય એવી ઈચ્છા હતી. સ્વામીજીએ સૌને સવિનય ના પાડી દીધી અને મહેનત કરીને પોતે એકલે હાથે એ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો. જોતજોતામાં તો એની નકલો ચપોચપ ઉપડી ગઈ. સ્વામી અખંડાનંદને હવે એક ધૂન લાગી. તેમણે સારાં અને જીવનોપયોગી પુસ્તકો લોકોને સસ્તી કિંમતે આપવાનો એમણે નિર્ણય કર્યો અને તેના માટે સસ્તું સાહિત્યવર્ધકની તેઓએ સ્થાપના કરી.

ભિક્ષુ અખંડાનંદે ગુજરાતના સંસ્કારનું ઘડતર કર્યું છે. ગીતા સહિત ધર્મ સંસ્કારના પુસ્તકોની ૫૪૦૦૦ જેટલી નકલો માત્ર સાડા ત્રણ વર્ષમાં જ વેચીને વિક્રમ સર્જ્યો હતો તથા એમ. જે. પુસ્તકાલયને તેમણે વિવિધ ભાષાના દસ હજાર પુસ્તકો ભેટમાં આપીને ઉદાત ભાવનાનું દ્રષ્ટાંત પણ પુરું પાડ્યું છે. અખંડાનંદ આયુર્વેદિક કોલેજની સ્થાપના પણ કરી. આજે તેમણે સ્થાપેલું સર્વ વિષયોને આવરી લેતું લોકભોગ્ય અખંડાનંદ સામાયિક છેલ્લા પચાસ વર્ષથી અવિરતપણે પ્રગટ થાય છે. સસ્તું સાહિત્યની વિસ્તૃત લોકઉપયોગી પ્રવૃત્તિ એક વ્યક્તિના અભિયાન દ્વારા સધાયેલ મોટી ને ગરવી પ્રવૃત્તિનો પુરાવો છે. જ્ઞાનની પરબ માંડનાર ભિક્ષુ અખંડાનંદનું અવસાન ચોથી જાન્યુઆરી, ૧૯૪૨ ના રોજ થયું હતું. આજે પણ અમદાવાદના ભદ્ર વિસ્તારમાં સ્વામી અખંડ આનંદ માર્ગ ઉપર અખંડ આનંદ નામનો હોલ છે ત્યાં સસ્તું સાહિત્ય વર્ધકની ઓફિસ આવેલી છે.

# મામાનું ઘર




▶ મામાનું ઘર એટલે મમ્મીના વહાલનું એક્સ્ટેન્શન, જ્યાં દર વેકેશનમાં વહાલનો મેળો ભરાય.

▶ જ્યાં દર ઉનાળે મોટી બેગ ભરીને વેકેશન માળો બાંધવા આવે, જ્યાં સુખથી શરૂ થયેલી વાતો સુખડીએ આવીને અટકે.



▶ આ દુનિયાનું પરનું એક માત્ર એવું ઘર જે લાઈટથી નહિ, દીવાઓથી ઓળખાય. ગુગલ મેપ પર સર્ચ કરતા હોઈએ ત્યારે જે જગ્યાએ દીવો બળતો દેખાય, એ મામાનું ઘર.

▶ પરીક્ષા અને નિશાળમાં ખોવાઈ ગયેલી જાતને, ફરી પાછી અકબંધ મેળવવાનું સરનામું એટલે મામાનું ઘર.

▶ મામાના ઘરના બાથરૂમમાં દરિયાઓ ઉમટે, જ્યાં ક્યારેય પાણીની તંગી ન હોય. ન તો નળમાં, ન તો આભમાં. ૨૪ કલાક વહાલનો વરસાદ આપણને સતત ભીંજવતો રહે.

▶ જ્યાં ઘોડો બનીને મામા આપણને ઉપર બેસાડે, જ્યાં મોટું પેટ લઈને મામા આપણી સાથે દરિયા કિનારે દોડે. જ્યાં સુખ કહ્યાગરું હોય, એ ઘર એટલે મામાનું ઘર.

▶ મામાના ઘરનું રસોડું આપણું કહ્યું બહુ માને. જાણે રસોડાની દિવાલોમાં ઇંટોની સાથે આપણી જીભ પણ ચણાયેલી હોય, એમ આપણને શું ભાવશે એની રસોડાને બધી જ ખબર હોય. આપણને ભાવતી વસ્તુઓ પર મામાનું ઘર જાસુસી કરે અને પછી એ જ વસ્તુઓ સવાર-સાંજ આપણી થાળીમાં ભરે.

▶ આ દુનિયા પરની એક માત્ર જગ્યા, જ્યાં ઘડિયાળ ન હોય. મોટા ખાટલા પર જોવાતા મોટા મોટા સપનાઓ. જ્યાં સૂરજ પણ હાથમાં કાંડા ઘડિયાળ પહેર્યા વગર આવે અને એટલે જ સૂરજ કાયમ મોડો ઊગે.

▶ મામાના ઘરમાં 'ગુડમોર્નિંગ' કહેવાનો રિવાજ, સવારે નહિ બપોરે હોય કારણકે ઊઠીએ ત્યારે બપોર થઈ ગઈ હોય.

▶ મામાના ઘરના એક ખૂણામાં કાયમ 'બાળપણની દુકાન' રહેતી જ્યાં રમકડાઓની સાથે આપણી જાત પણ સચવાઈને રહેતી. મામા ઓફિસેથી આવે ત્યારે પોતાની સાથે દિવાળી લઈ આવતા.

▶ દિવાળી પર મામાના ઘરે જવા મળે કે ન મળે, મામાના ઘરે જઈએ ત્યારે કાયમ દિવાળી હોય જ.







# યુવા પેઢી - મોબાઈલના વ્યસને

વિજ્ઞાનની અવનવી શોધોએ માનવજીવનમાં ક્રાંતિ સર્જી છે.  ટેક્નોલોજીના ઉપયોગથી જીવનને નવી દિશા મળી છે. સમય, શક્તિ, નાણાંનો બચાવ થયો છે તેમાં કોઈ બેમત નથી. એવી જ એક શોધે થોડાંક વર્ષોથી માનવજીવનમાં ઉથલપાથલ કરી દીધી છે, જે છે મોબાઈલ.

મોબાઈલનો અર્થ થાય છે ખસેડી શકાય તેવું, છૂટથી હરેફરે તેવું, સહેલાઈથી ફેરવી શકાય તેવું, આ નવો ફોન હરતો-ફરતો હોવાથી તેને મોબાઈલ કહ્યો, જેને સેલફોન કહેવાય છે. અગાઉનાં ઘણાં વર્ષો પહેલાં ગામડામાં સરકારી કચેરીઓમાં, ગ્રામ પંચાયત, બેંકમાં કે પોસ્ટ ઓફિસમાં જ ડાયલવાળા લેન્ડલાઈન ફોન જોવા મળતા. ગામનો મુખી, સરપંચ કે શેઢિયો જ ફોન રાખતો. જેના ઘરે ટેલિફોન હોય તેની આબરૂ, શાખ અને પ્રતિષ્ઠા અંકાતી.

'તમારો ટેલિફોન આવ્યો છે' એવા સમાચાર જો તમને કોઈ કહેવા આવે તો તમારો જીવ અધ્ધર થઈ જતો. ખૂબ જ અગત્યના અને જરૂરી સમાચાર હોય ત્યારે જ ટેલિફોન આવે તેવી માન્યતા હતી. જ્યારે આજે ઘેર-ઘેર ૪-૫ મોબાઈલ જોવા મળે છે. જેણે જીવનમાં શાળા જોઈ નથી, અક્ષરજ્ઞાન મેળવ્યું નથી એવી વ્યક્તિઓ પણ મોબાઈલ વાપરે છે. મોબીલ ફોને ગરીબ-તવંગરના ભેદ મિટાવી દીધા છે. શાકવાળાથી માંડીને સફાઈવાળા તમામ માણસો સુધી મોબાઈલ પહોંચી ગયો છે.

ઊંઘતા, જાગતા, હરતા-ફરતા માણસનો ધબકાર બની ગયો છે મોબાઈલ,

સગવડમાં સાનુકૂળ છતાં, ફાંકડી યુવાનીમાં ફેશનનું સાધન બની ગયો છે મોબાઈલ.

વાહનચાલક બની વાતોમાં રત રહેનાર માટે અકસ્માતનું કારણ બન્યો છે મોબાઈલ.

શું ચસ્કો લગાવ્યો છે તે મોબાઈલ.

પગમાં ચંપલ નથી, એના હાથમાં છે મોબાઈલ.



પરંતુ એ પણ એટલું સત્ય છે કે આજના મોબાઈલમાં એટલી બધી એપ્લીકેશન જોવા મળે છે કે કરી શકે છે. ઈન્ટરનેટ અને વોટ્સ્પ શૈક્ષણિક, વ્યવસાયિક અને સામાજિક ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી બ માણસ મોબાઈલથી સલામતી અનુભવે છે. ક્ષણે ક્ષણે પરિવાર-સમાજ સાથે સંપર્કમાં રહે છે, પરંતુ આ જ મોબાઈલનો દુરુપયોગ થવા લાગે તો ?

તમારી પાસેનું આજનું નવું ઈન્સ્ટ્રુમેન્ટ આવતીકાલે જુનું લાગવા માંડે છે, ખૂબ જ ઝડપથી મોબાઈલ ફોનનો યુગ વિસ્તરી રહ્યો છે. મેઈડ ઈન ચાઈના - સંસ્કૃતિએ સસ્તા અને સારા સેલફોન બજારમાં ઠાલવવા માંડ્યા છે.

મોબાઈલ એ યુવા વર્ગ માટે વ્યસન બની ગયું છે. દારૂ, બીડી, તમાકુ, પાન-મસાલા ગુટખા જેવા વ્યસનોમાં આ એક નવું વ્યસન ઉમેરાયું છે. યુવાનોમાં જોવા મળતા આ નવા વ્યસનની ચિંતા કરવાનો સમય પાકી ગયો છે. આજની યુવા પેઢી માટે મોબાઈલ જાણે જીવન બની ગયો છે. કોલેજમાં એડમીશન લેવાની સાથે મોબાઈલ ફોન ફરજિયાત જોઈશે તેવું મા-બાપને જણાવી દેવામાં આવે છે. મોટા સ્ક્રીનનો, વધુમાં વધુ એપ્સ ધરાવતો અને મોંઘો મોબાઈલ રાખવાની યુવાનોમાં હરીફાઈ લાગી છે. શાળા-કોલેજોમાં આજની યુવાપેઢીનો મોટા ભાગનો સમય મોબાઈલને મચડવામાં જ જતો હોય તેવું લાગે છે. પરિણામે સારા પુસ્તકો વાંચવાનો સમય આજની યુવાપેઢીનો મોટા ભાગનો સમય મોબીલને મચડવામાં જ જતો હોય તેવું લાગે છે. પરિણામે સારા પુસ્તકો વાંચવાનો સમય યુવાનો પાસે રહેતો નથી. આજના યુવાનો કોઈ મેળાવડા કે સામાજિક પ્રસંગોમાં પણ મોટે ભાગે મોબાઈલ પર વ્યસ્ત હોય છે. સવારે ઊઠતા જ શરૂઆત 'કરાગ્રે વસતે લક્ષ્મી ....' ને બદલે 'કરાગે વસતે મોબાઈલ' થી થાય છે. ફેસબુક - વોટ્સઅપ જોયા પછી સવારની ક્રિયાઓની શરૂઆત થાય છે. વાહન પર જતાં મોબાઈલના ઉપયોગથી અકસ્માતો થતાં સાંભળ્યું છે. ફેસબુક પર થતાં સંપર્કોમાં ઘણા ફસાયા હોય તેવું પણ વર્તમાનપત્રોમાં વાંચ્યું છે.



એસ.ટી. બસોમાં અપડાઉન કરતાં યુવાનીયાઓએ તો માઝા મૂકી દીધી છે. કાનમાં ઈયરફોન ખોસીને સતત ગીતો સાંભળતા જોવા મળે છે. ક્યારેક બસમાં મોબાઈલમાં ગીતો ચારેય ખૂણેથી ઊંચા અવાજે સંભળાય છે, જે વૃદ્ધો અને અન્ય મુસાફરો માટે માથાના દુ:ખાવા સમાન બની રહે છે. શું મોબાઈલનો ઉપયોગ માત્ર ટાઈમપાસ કરવા માટે જ કરી શકાય ? જુદી જુદી મોબાઈલ કંપનીઓ પોતાની સ્કીમોનો ઉપયોગ કરી આપણી પાસેથી કરોડો રૂપિયાનો બીઝનેસ કરે છે. વેલિડીટી અને બેલેન્સ કરવામાં મા-બાપના ખિસ્સા ખાલી થાય છે. ટીનેજર દીકરીઓને સો-બસો રૂપિયાના મોબાઈલમાં રિચાર્જ કરવા કોણ રૂપિયા આપે છે

? તે મા બાપથી છુપી રીતે ખૂણામાં કે ખુલ્લાં રસ્તે, બગીચામાં કે બાંકડે બેસી કોને મોબાઈલ પર 'લવમેસેજ' પાઠવે છે ? તેની સતત દેખરેખ કે 'જાસુસી' વડીલો દ્વારા નહિ થાય થાય તો પછી એ દીકરીઓ ક્યાંક ફસાઈ ન જાય, માબાપને પસ્તાવાનો વારો ન આવે. આ બધી મોંકાણ મોબાઈલથી છે. ભાઈ, સવેળા ચેતી જઈએ !



સવારે સગપણ થાય છે. બપોરે સાથે જમણ થાય છે અને સાંજે મોબાઈલ પર સગપણ તૂટી જાય છે. નવા નવા સગપણ કરનારા યુવક-યુવતીઓ મોબાઈલ પર અતિશય વાતો કરે છે અને કોઈકવાર એકાદ વાતમાં ખોટું લાગતાં મોબાઈલ ફોનથી જ સગપણ તૂટી જાય છે. દીકરીઓ સાસરેથી તેના માં બાપને રોજનીશીનું મોબાઈલ પર વર્ણન કરતી રહે છે અને ક્યાંક દીકરીના સાસરીયાઓ આમાંથી મહાભારત ઊભું કરે છે ત્યારે લગ્નજીવન જોખમાય છે... ભાઈ, હવે તો સમજીને છોડો આ બધું ! મોબાઈલ જ મહાભારત સર્જે છે ! સમાજમાં કેવી રીતે બદીઓ ફેલાય છે મોબાઈલથી.

યુવાનમિત્રો, આ વ્યસનમાંથી બહાર આવવાની જરૂર છે. મોબાઈલનો સારો ઉપયોગ પરિવારની સારસંભાળ લેવા માટે કરીએ. ઉપરાંત શૈક્ષણિક - સામાજિક અને બૌધ્ધિક વિકાસ માટે મોબાઈલનો યોગ્ય ઉપયોગ કરીશું તો આવનાર પેઢીને તેનું ફળ અચૂક મળશે તેવું દ્રઢપણે કહી શકાય.

મુકેશ એ. ગોવાણી, અમદાવાદ

---

## વિદેશ વિભાગ







પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના આ માસના યુરોપ પ્રવાસ દરમિયાન પણ તેમણે લંડન અને પોર્ટુગલમાં વસતા અને સ્થાનિક સંસ્થાઓ સાથે સંકળાયેલા સમાજશ્રેષ્ઠીઓની મુલાકાત લીધી હતી. શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ કાર્યપ્રવૃત્તિઓ અંગે સૌ સાથે વિગતે ચર્ચા કરી પોતપોતાના દેશોમાં ચાલતી પ્રવૃત્તિઓ અંગે માહિતીનું આદાન-પ્રદાન કર્યું હતું. લંડનમાં જલારામ મંદિર ખાતે યુ.કે. વિભાગના ઉપપ્રમુખ શ્રી રશ્મિભાઈ ચતવાણીના સીધા સંકલન હેઠળ શ્રી સુનિલભાઈ મજીઠીયા, શ્રી અજય જોબનપુત્રા, શ્રી કિરીટભાઈ કારિયા,શ્રી પ્રફુલભાઈ નથવાણી, શ્રી ભરતભાઈ સોઢા તથા અન્ય તમામ સભ્યોની ઔપચારિક મુલાકાત યોજાઈ હતી. શ્રી રશ્મિભાઈ ચતવાણીએ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને વિશ્વના અલગ અલગ ભાગોમાં વસતા સમાજશ્રેષ્ઠીઓને યુ.કે. ખાતે એક મીટનું આયોજન કરવા માટે પણ આમંત્રણ પાઠવ્યું હતું.



પોર્ટુગલ, લિઝબન ખાતે પ્રમુખશ્રી કાંતિભાઈ દાવડા દ્વારા આયોજિત કાર્યક્રમમાં ત્યાંના દેશમાં વસતા લોહાણા પરિવારના કુટુંબની માહિતીનું આદાન પ્રદાન અને શ્રી લોહાણા મહાપરિષદ વિશે પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે માહિતી આપી હતી.





## મહિલા વિભાગ

## મુંબઈ સહ મહારાષ્ટ્ર




શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા વિભાગ દ્વારા અને શ્રી ઘોઘારી લોહાણા મહાજન તથા ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના સાથ સહકારથી સુરક્ષા અને સલામતીના પરિસંવાદનું સુંદર આયોજન થયું જેમાં મોટી સંખ્યામાં સમાજસેવી બહેનોએ ભાગ લીધો. સાયબર ક્રાઈમ અને તે માટે લેવાના સાવચેતીના પગલાંઓ અંગે એડવોકેટ શ્રી વીકી શાહ દ્વારા મનનીય વક્તવ્ય આપવામાં આવેલ. રાષ્ટ્રીય મહિલા ઉપાધ્યક્ષ સુશ્રી રશ્મિબેન વિઠલાણીના સીધા માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમ અત્યંત સફળ રહ્યો હતો.

**સંકલન : જ્યોતિબેન ઠક્કર**

---

## વાત્સલ્ય સમિતિ : મુંબઈ સહ મહારાષ્ટ્ર




શ્રી લોહાણા મહાપરિષદ સંચાલિત, વાત્સલ્ય સમિતિ - મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગનો એક કાર્યક્રમ મહિલા દિન નિમિત્તે તા. ૧૦-૩-૧૮ના રોજ પવાણી લાયન્સ કમ્યુનિટી હોલ, મુલુંડ ખાતે "નારી અને વાત્સલ્ય"નું મહત્ત્વ સમજાવતા વિષય ઉપર શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈ સંચાલિત તેજસ્વીની સમિતિ તથા શ્રી મુલુંડ લોહાણા મહિલા સમાજના સથવારે યોજવામાં આવેલ હતો.

સૌ પ્રથમ વાત્સલ્ય સમિતિના મીનાબેન આર. ઠક્કર, શ્રી મુલુંડ લોહાણા સમાજના પ્રમુખ શ્રી રજનીકાંતભાઈ કારીયા, શ્રી હા.લો.મ.તેજસ્વીની સમિતિના ચેરપર્સન બીનાબેન વીઠલાણી, શ્રી મુલુંડ લોહાણા મહિલા મંડળના ચેરપર્સન ભારતીબેન પરમાણી તથા અન્ય મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્યની વિધિ સંપન્ન થઈ. ત્યારબાદ પૂના મહાજનના કીર્તીદાબેન દાસાણીના સુમધુર કંઠે ગણેશ સ્તુતિ પ્રસ્તુત કરવામાં આવી. શિલ્પાબેન સાયાણી દ્વારા ગણેશ વંદનાનું નૃત્ય, મુલુંડ મહિલા મંડળની બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની સુંદર રજુઆત, શ્રી અભયભાઈ તન્નાએ શ્રી ખપોલી, પરલી જાંબુલપાડા લોહાણા મહાજન દ્વારા સ્થાપિત કરેલ બ્લડ બેન્કની વિસ્તૃત જાણકારી આપી તેમજ કૃપાબેન લાખાણી દ્વારા થેલેસેમિયાના નિદાન, ઉપાય તથા નિવારણની સમજણ આપી સર્વેને મદદરૂપ થવાની તૈયારી દર્શાવી. નીતાબેન ગંગદેવના ડી. જે. ના તાલે નૃત્યની રમઝટ માણી હતી.

વાત્સલ્ય સમિતિના મીનાબેન ઠક્કરે નારી વાત્સલ્ય દ્વારા, સ્નેહ, સમર્પણ અને સેવાની ભાવના સાથે સમાજના દરેક સ્તરને એક સુત્રે બાંધી રાખે છે. તેના વિવિધ પ્રેરણારૂપ ઉદાહરણો આપ્યા. સરોજબેન પાબારીએ મહિલાઓના વિવિધ કાર્યોને સ્વરચિત પંક્તિઓ દ્વારા બીરદાવ્યા હતા. વાત્સલ્ય સમિતિ તથા થાણા મહાજનના વાસંતીબેન ગોકાણીએ તેમના દ્વારા સંચાલિત સંસ્કાર નિકેતન શાળાના વિદ્યાર્થીઓનું અસામાજિક તત્ત્વોથી રક્ષણ કર્યું તે માટે તેમને ફિલ્મ કલાકાર અજય દેવગણ દ્વારા 'લેડી સિંઘમ'નું બીરૂદ આપવામાં આવ્યું તેની જાણકારી આપવામાં આવી. તેમજ તેમનું તથા મીનાબેન ઠક્કરનું તેઓની સામાજિક સેવાની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવતા સન્માન કરવામાં આવ્યું.

કાર્યક્રમને સફળ બનાવવા વાત્સલ્ય સમિતિના જ્યોતિબેન ગંગદેવ, ભારતીબેન પરમાણી, કલ્પનાબેન ખંધેડિયા, વર્ષાબેન તન્ના, અંજનાબેન જોબનપુત્રા તથા વર્ષાબેન કારીયાએ ખૂબ જ મહેનત કરી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ ઠક્કર, હર્ષદભાઈ તન્ના, જમનાદાસભાઈ લાધાણી તેમજ વિરાજભાઈ કોટેચાએ હાજર રહી પ્રોત્સાહન આપ્યું હતું. શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી નિતિનભાઈ પાંધી, શ્રી ભરતભાઈ દનાણી તથા શ્રી જીતુભાઈ ઠક્કરે શુભેચ્છાઓ પાઠવી હતી.

**- મીનાબેન ઠક્કર**

## હાર્દિક શુભેચ્છા સહ




ISCON
BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

*With Best Regards,*

**Suresh Chandarana**
Vice President, Saurashtra Zone

SINCE 1981 DAE

**DHAVAL AGRI EXPORTS**
Sesame Seeds, Peanuts & Spices Exporter
A-75, Market Yard, Rajkot (Bedi) - 3 Gujarat - India
PH.: +91 - 281 - 2790291 / 2790292 / 2790293
FAX : +91-281-2790294 ◆ Cell : +91-98240 66375
Email : suresh@dhavalagri.com ◆ Website : www.dhavalagri.com

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

**Nitin Raichura**
**98251 75353**

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Gurukupa Shraddha Realities Pvt. Ltd. Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...
079 4008 2288

OUR SERVICES
- Domestic & International Air Tickets
- World Wide Hotel Booking
- Car & Bus on Rent
- Passport, Visa & Travel Insurance Assistance
- Rail & Bus Tickets
- Domestic & International Tour Packages

Address: UGF-7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com



## ધવલ આચાર્ય

Managing Director
ROYAL GROUP

યુવા અધ્યક્ષ ગુજરાત વિભાગ
કન્વીનર કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ

Royal House Opp. Karnawati Club, S.G. Highway, Ahmedabad-15
Mail Id : dhaval@royalinfra.com ✆ +91-9879100000, +91-9825250403

## હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી**
**પરિવાર, કોલકાતા**

25 YEARS COMPLETED
UNDISPUTED KING OF AFFORDABLE HOUSING
CHANGING GENERATION WITHOUT CHANGING ETHICS
Dharmadev | NEELKANTH | NK PATANG

## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...

હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

**Jalaram Transport Co.**

FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT

H.O. : 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482185 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram.transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

**Himanshu Thakker** 9879301004 9374001004
(MBA, MCA, Doctoral Researcher)




**Career Counselling and expert opinion**

- Science or Commerce ?
- Engineering or other courses ?
- India or abroad ?

Assured expert opinion based on aptitude test, psychometric / aptitude test and personal counselling with student / parents about best choice of field and college

**Expert Educare Pvt. Ltd.**

Career Counselling | Project Consulting | Skill Development - Training Programs

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી પ્રવિણભાઈ કાનાબાર
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી હરેશભાઈ મુડિયા
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી દિનેશભાઈ પવાણી
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી જીતુભાઈ તન્ના
પરિવાર, મસ્કત

ADVOCATE

+91 94284 17965

**SHYAMAL KIRIT BHIMANI**
B.com., LL.B. (HONS.)

Advocate, Gujarat High Court

406/A, Satyamev-II, Nr. Gujarat High Court,
Opp. Kargil Petrol Pump, S.G. Road, Sola, Ahmedabad-60

E-mail : shyamalbhimani.adv@gmail.com




**HARSH CLEAN DHAN PVT. LTD.**
Regd. Office : 11/2A, Pusa Road, New Delhi-110005
Factory : Maa Umiya Industrial Estate, Plot No. 176, Kapsi Bujurg,
Bhandara Road, Nagpur - 441001 Mob. : 88881 10467 Email : nagpur.woosh@gmail.com

# અંગદાન કરી મૃત્યુ બાદ પણ જીવંત રહીએ

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી દિનેશભાઈ મારફતિયા પરિવાર, જામનગર**

ભરતભાઈ રેલીયા, રાજકોટ

૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

**કે. સી. ઠક્કર - ગાંધીધામ**

B.E. (Civil) - Engg. & Developer

(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : શ્રી લોહાણા બોર્ડિંગ (કુમાર છાત્રાલય), રાપર

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી ભરતભાઈ કોટક**
**અધ્યક્ષ, સ્થાયી સમિતિ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી ધર્મેશભાઈ હરિયાણી**
**અધ્યક્ષ, શિક્ષણ સમિતિ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી પિયુષભાઈ ગંઠા**
**મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી નિલેષભાઈ કોટક**
**પ્રમુખશ્રી, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના**

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -



# શ્રી લોહાણા મહાપરિષદ



## રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ / ભાગવત વિદ્યાપીઠ સોલા
## સંચાલિત
## શ્રી ખીમજી ભગવાનદાસ આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન

અમદાવાદ ખાતે ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં નવીનીકરણ પામી રહેલ અતિથિ નિકેતનમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ તથા અન્ય દાતાશ્રેષ્ઠીશ્રીઓના સાથ સહકારથી આ કાર્ય આગળ વધી રહ્યું છે પ્રાથમિક તબક્કામાં લોકાર્પણ પામેલ એક વિંગના ૨૦ જેટલા રૂમો ખૂલ્લા મુકાયેલ છે. આ રૂમોના ઉપયોગ માટે સંચાલન સમિતિની બેઠકમાં સુનિશ્ચિત કરાયેલ દરોએ રૂમોની તેમજ અન્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.



## ૨૦ રૂમો, યોગ્ય સગવડો સાથે રોકાણ માટે ઉપલબ્ધ

### રૂમ ચાર્જ : ૯૫૦/-

**સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે**
**વિનામૂલ્યે રોકાવાની સુવિધા ઉપલબ્ધ.**
**સ્થાનિક મહાજનશ્રીનો ભલામણપત્ર અનિવાર્ય છે.**

**વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : શ્રી મધુકર મજીઠીયા, મો. ૯૯૭૯૮૫૬૭૦૦**

## શિક્ષણ સમિતિ

# કારકિર્દી માર્ગદર્શન : પરિસંવાદ







શ્રી લોહાણા મહાપરિષદ - શિક્ષણ સમિતિ દ્વારા તા. ૨૯ એપ્રિલ, ૨૦૧૮ ને રવિવારના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન, જે.બી. ઓડિટોરીયમ ખાતે કારકિર્દી માર્ગદર્શન અંગે પરિસંવાદ અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયો. અગાઉ સુનિશ્ચિત કરાયા પ્રમાણે લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આગોતરું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી ઉત્સાહ બતાવ્યો હતો. રજિસ્ટ્રેશન અને અલ્પાહાર બાદ સવારે ૯.૩૦ કલાકે સમયસર રઘુવંશી ધ્વજવંદન ગીત ગાન દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શરૂઆત થઈ. અપેક્ષિત વાલીઓ ઉપરાંત અમદાવાદ સ્થિત વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો તથા શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ સમિતિના સભ્ય શ્રી નિલેશભાઈ સૂચકે વેદોક્ત મંત્ર અને તુલસીદાસજીની ચોપાઈઓ સાથે રસાળ શૈલીમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. મુખ્ય વક્તાઓનો દોર શરૂ થતાં ડૉ. નિરવ ઠક્કરે ધો.૧૦ અને ૧૨ પછીના કારકિર્દીના વિવિધ વિકલ્પો અંગે સૌને સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શ્રી નિરવભાઈએ ઓડિટોરીયમમાં આવેલા તમામ વિદ્યાર્થીઓની કક્ષા અંગે પણ સુંદર વર્ગીકરણ આપ્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદના મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પોતાના વક્તવ્યની શરૂઆતમાં શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓ અંગે તેમજ શિક્ષણ અને આરોગ્ય સહાયના સતત ચાલતા સેવાયજ્ઞ અંગે સૌને માહિતગાર કર્યા હતા. પ્રસંગને અનુરૂપ પોતાના વિષયને અનુરૂપ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કૌશલ્ય કેળવવા અંગે આયોજનપૂર્વકની તૈયારીઓ અંગે વિવિધ વિષયોમાં પ્રભુત્વ મેળવવા અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સફળ જીવન ઘડતર માટે કેળવણી અને શિક્ષણ બંનેને સમતોલ રાખવા પર પણ ભાર મૂક્યો હતો. શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક વિદેશ પ્રવાસે હોઈ લંડનથી પ્રાપ્ત થયેલ તેમના શુભેચ્છા સંદેશની પણ જાહેરાત કરી આ કાર્યક્રમ સાથે જોડાયેલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારબાદના વક્તા ડૉ. સ્નેહલ દેસાઈએ ખૂબ જ રમૂજી શૈલીમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત















કર્યા હતા અને ફેસબુક અને વોટ્સએપ જેવા માધ્યમોને સમય અને બુદ્ધિનો બગાડ કરનારા જણાવી તેનાથી દૂર રહેવા અપીલ કરી હતી. કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવા માટે અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ અને આત્મવિશ્વાસ આ બે પાયાના સ્તંભ સમજી નિડરતાપૂર્વક પોતાને ગમતા ક્ષેત્રમાં આગળ વધવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ ડૉ. દર્શના ઠક્કરે મેડિકલ અને કલા ક્ષેત્રને માધ્યમ બનાવી દુનિયાના દરેક પ્રોફેશન આદરણીય હોય છે તેમ જણાવ્યું હતું ને વિદ્યાર્થીઓ ઉપરાંત મા-બાપને પણ ખૂબ જ જરૂરી એવું વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીને એને મનગમતા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનો પૂરતો અવકાશ મળવો જ જોઈએ. મા-બાપના અધૂરા રહેલા સ્વપ્નાઓ પૂરાં કરવાની જવાબદારી સંતાનોની નથી તેમ જણાવી પોતાના સ્વપ્નાઓ પોતાના બાળકો ઉપર થોપી ન બેસાડવા અનુરોધ કર્યો હતો.

લગભગ બપોરે ૧.૦૦ વાગે પણ તમામ સભ્યો સંપૂર્ણ ધીરજ અને શાંતિથી વક્તાઓની વાણીનો આનંદ અનુભવતા હતા. અત્રે શ્રી લોહાણા મહાપરિષદના આમંત્રણને માન આપી પધારેલા ચારુતર યુનિવર્સિટીના ડીન શ્રી ડૉ.અમિત ગણાત્રા, નિરમા યુનિવર્સિટીના ડાયરેક્ટર, રિસર્ચ એન્ડ ઈનોવેશન શ્રી ધવલભાઈ પૂજારા તથા સાલ ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડૉ. રૂપેન વસાણીનું પુસ્તક અને બુકેથી સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના કૌશલ્યનો લાભ શ્રી લોહાણા મહાપરિષદ થકી તમામ રઘુવંશી ભાઈ-બહેનોને પહોંચે તે માટે અપીલ કરવામાં આવી હતી.

અત્રે શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણી તથા સમગ્ર ટીમને આ સુંદર આયોજન કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારબાદ શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં શિક્ષણ સમિતિ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે તેજસ્વી વિદ્યાર્થીઓને રૂા. ૧ લાખની મર્યાદામાં અપાતી શિક્ષણ સહાય વિષે વિગતે ઉદ્‌બોધન કર્યું હતું. શિક્ષણ સમિતિના ઉપાધ્યક્ષ શ્રી ભરતભાઈ મોદીએ પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરી આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ











ઉપસ્થિત રહેવાથી સૌની મહેનત લેખે લાગી હોવાનું જણાવ્યું હતું. પ્રશ્નોત્તરી કાળમાં સમયની મર્યાદા હોવાથી ડૉ. જયેશભાઈ ઠક્કરે પોતાના પ્રશ્નો અને ચિઠ્ઠીઓ લખી મોકલવા જણાવ્યું હતું અને સમાજના નિષ્ણાત સભ્યો દ્વારા આ અંગે માર્ગદર્શનનો આ ક્રમ ચાલુ રાખવામાં આવશે તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમના અંત ભાગમાં શ્રી લોહાણા મહાપરિષદના પૂર્વ પ્રમુખ, ગવર્નર અને ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ લાખાણીએ જાણે બધા જ વક્તાઓનો સાર રજુ કરતાં હોય તે રીતે જીવન મૂલ્ય આધારિત શિક્ષણ ઉપર ભાર મૂકતાં હૃદયસ્પર્શી વક્તવ્ય આપ્યું હતું. લગભગ ૧.૪૫ કલાકે શ્રી દિલીપભાઈ પંખીએ આભારવિધિ કરી સૌને ભોજન-પ્રસાદ લઈને જ જવાની શ્રી ધર્મેશભાઈની વિનંતીની જાહેરાત કરી કાર્યક્રમને પૂર્ણ થયેલો જાહેર કર્યો હતો. આ કાર્યક્રમમાં ઓડિટોરીયમ તથા ભોજન સૌજન્ય શ્રી ધર્મેશભાઈ હરિયાણી પરિવાર તરફથી પ્રાપ્ત થયું હતું અને આખાય કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી અને શિક્ષણવિદ એવા શ્રી હરીશભાઈ ઠક્કરે કર્યું હતું.

- ગોપાલ ઠક્કર



# સ્થાયી સમિતિઓના અહેવાલ

## પર્યાવરણ સમિતિ




## પાણી બચાવો, જીવન બચાવો

તા.૮-૪-૧૮ ના રોજ અમરેલી (સૌરાષ્ટ્ર) ખાતે શ્રી મુક્તેશ્વર મહાદેવ મંદિરે પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રી સુમિતભાઈ કારીયા, શ્રી શુકલદાદા, નિકુંજભાઈ, ધર્મેશભાઈ તથા વડીલો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.



તા. ૧૧-૪-૧૮ ના રોજ પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હીટ એક્શન પ્લાન ૨૦૧૮ની મીટીંગમાં હાજરી આપેલ. આ કાર્યક્રમમાં શ્રી ગૌતમભાઈ શાહ - મેયર, અમદાવાદ, શ્રી પ્રવિણભાઈ પટેલ - ચેરમેન સ્ટેન્ડિંગ કમિટી, શ્રી દિનેશભાઈ દેસાઈ - ચેરમેન સોલીડવેસ્ટ મેનેજમેન્ટ, એ.એમ.સી., અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર, શ્રી મુકેશકુમાર, ડૉ. રોહન ઠક્કર, ક્લાઈમેટચેન્જ ડિપાર્ટમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી તથા પર્યાવરણ માટે કામ કરતી વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહેલ. ત્યારબાદ એ.એમ.સી.ના 'મોબાઈલ ડ્રિંકિંગ વોટર ફેસીલીટી'ની શરૂઆત કરવામાં આવેલ.

તા.૧૭-૪-૧૮ ના રોજ પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીની અનુમતિ તથા આગ્રહથી શ્રી વિક્રમભાઈ તન્ના (ગોંડલ)ની પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદમાં રાષ્ટ્રીય કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવેલ. શ્રી લોહાણા મહાપરિષદ રમતગમત સમિતિના રાષ્ટ્રીય મંત્રી શ્રી પ્રકાશભાઈ ઠકરાર, શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા તથા પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રી રવિરાજભાઈ ઠકરાર તથા શ્રી વિક્રમભાઈ તન્નાએ ખેસ ઓઢાડીને અને શ્રી લોહાણા મહાપરિષદનો ધ્વજ આપી પર્યાવરણ સમિતિમાં રાષ્ટ્રીય સ્તરે સામેલ કરવામાં આવેલ. આ પ્રસંગે પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ સૌને શુભેચ્છા પાઠવેલ.

તા.૨૨-૪-૧૮ના રોજ પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના મંત્રી શ્રી લલિતભાઈ ઠકરાર તથા ટીમ દ્વારા "વર્લ્ડ અર્થ ડે" નિમિત્તે દાદર (મુંબઈ) ખાતે વૃક્ષારોપ વિતરણ કરવામાં આવેલ તથા અનેક સંસ્થઆઓ સાથે મળીને દાદર બીચની સફાઈ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રખ્યાત અભિનેત્રી દિયા મીરઝા પણ હાજર રહેલ.

તા. ૨૨-૪-૧૮ના રોજ પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના અધ્યક્ષા, શ્રીમતી વાસંતીબેન ગોકાણી દ્વારા થાણેની સંસ્કાર નિકેતન શાળા પર એક પર્યાવરણલક્ષી કાર્યક્રમ કરવામાં આવેલ.







# Say No To Plastic



પ્લાસ્ટિક વેસ્ટ પ્રદૂષણથી ફેલાતા વિષયુક્ત કારણોસર દરિયાઈ જીવસૃષ્ટિને હાનિ પહોંચે છે. તેમજ માનવ હોર્મોન્સમાં ગરબડ પેદા કરે છે. દરિયાકાંઠા વિસ્તારોમાં અને પ્રકૃતિક સ્થળો ખાતે ચોમેર ફેલાયેલ પ્લાસ્ટિક વેસ્ટ પ્રદૂષણ આપણા ગંદાપાણીના વહેણ અને જમીનના સ્તરોમાં અવરોધરૂપ બને છે. પ્લાસ્ટિક વેસ્ટનો જથ્થો ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. પાણી જીવનસૃષ્ટિના અસ્તિત્વ તેમજ આપણી અસ્તિત્વ તેમજ આપણી પૃથ્વી માટે પણ આ પ્લાસ્ટિક વેસ્ટ હવે ખતરારૂપ બની રહ્યો છે.

ધરતીદિનને આપણે સમર્પિત થઈને પ્લાસ્ટિક વેસ્ટના પ્રદૂષણના યોગ્ય નિકાલ તેમજ તેમાં નોંધપાત્ર ઘટાડો કરવાની માહિતી આપીને લોકોના વલણ અને વર્તનમાં બદલાવ લાવવા પ્રેરિત કરીએ.

- પ્લાસ્ટિક વેસ્ટના પ્રદૂષણ અંગે કાનૂની માળખાંને અનુસરીને અનુમોદન આપીએ.
- સ્થાનિક સંસ્થાઓ, સરકારી તંત્ર તેમજ પ્લાસ્ટિક ઉત્પાદકોને પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન સેન્ટર માટે માંગ કરવા સાથી નાગરિકોને શીખવીએ.
- પ્લાસ્ટિક વેસ્ટને નકારવા. ઘટાડો કરવા પુનઃ ઉપયોગ કરવા કે રિસાયકલ કરવા વ્યક્તિગત જવાબદારી નિભાવીએ.
- શૈક્ષણિક સંસ્થાઓને ઠેકઠેકાણે પ્લાસ્ટિક વેસ્ટ માટે અલાયદા ડબ્બા મૂકવા પ્રેરિત કરીએ.
- જુદી જુદી સંસ્થાઓને ઠેકઠેકાણે પ્લાસ્ટિક વેસ્ટના વ્યવસ્થાપન મંચ મારફતે પ્લાસ્ટિક વેસ્ટમાંથી લાકડાની જેમ તૈયાર થતાં ફર્નિચરને અપનાવીને વન સંપત્તિનું સંરક્ષણ કરવામાં મદદ કરીએ.
- પ્લાસ્ટિક વેસ્ટને એકઠો કરીને નિકાલ કરવાની સ્થાનિક યોજનાઓને પ્રોત્સાહિત કરીએ.

આ કાર્યક્રમનું સંકલન શ્રી ભાવિન જોબનપુત્રા (રાષ્ટ્રીય મંત્રી, પર્યાવરણ સમિતિ), શ્રી અક્ષય ઠક્કર (રાષ્ટ્રીય ખજાનચી, પર્યાવરણ સમિતિ), શ્રી ભરત ઠક્કર (રાષ્ટ્રીય સંયુક્ત મંત્રી, પર્યાવરણ સમિતિ), શ્રી નરોત્તમ ઠક્કર (મંત્રી, ગુજરાત વિભાગ), લલિત ઠક્કર (મંત્રી, મુંબઈ સહ મહારાષ્ટ્ર), શ્રી માનવ બુધ્ધદેવ (મંત્રી, વિદર્ભ સહ મધ્યબારત), શ્રી રવિરાજ ઠકરાર (રાષ્ટ્રીય કારોબારી સભ્ય, પર્યાવરણ સમિતિ,), શ્રી વિક્રમ તન્ના (રાષ્ટ્રીય કારોબારી સભ્ય, પર્યાવરણ સમિતિ), શ્રી સોનલ તન્ના (કારોબારી સભ્ય મુંબઈ સહ મહારાષ્ટ્ર), શ્રી રાજેન્દ્ર અખાણી (રાષ્ટ્રીય કારોબારી સભ્ય, પર્યાવરણ સમિતિ) કરશે.




પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી કિરીટ ભીમાણી આપ સૌને વર્લ્ડ અર્થ ડે ૨૨, એપ્રિલના રોજ **Say No To Plastic** અભિયાનમાં જોડાવવા માટે નમ્ર અપીલ કરે છે અને વર્લ્ડ અર્થ ડે, ૨૦૧૮ ના દિવસે આપણે **Say No To Plastic** અભિયાનમાં જોડાઈ પર્યાવરણ બચાવીએ.

**- કિરીટ ભીમાણી,**

**અધ્યક્ષ**


# ૮ મે - વર્લ્ડ થેલેસેમિયા ડે

થેલેસેમિયા એ લોહીનો વારસાગત અને અસાધ્ય તેમજ અતિ ખર્ચાળ, પીડાદાયક, જાનલેવા રોગ છે. આ રોગ માતા-પિતાની અજાણતા રહી ગયેલી અજ્ઞાનત તેમજ લગ્ન પહેલાં ન કરાવેલા થેલેસેમિયા ટેસ્ટના હિસાબે બાળકોમાં જોવા મળે છે, જેથી બાળકો આ રોગ સાથે જ જન્મે છે. થેલેસેમિયા પીડીત બાળકોને જીવનભર (અતિ મર્યાદિત આયુષ્ય) દર મહિને બે થી ચાર વાર લોહી ચડાવવું પડે છે, મોંઘી દવાઓ લેવી પડે છે, ઈન્જેક્શનો લેવા પડે છે, જે સારવારનો ખર્ચ દર મહિને રૂા, ૮,૦૦૦/- થી રૂા. ૧૦,૦૦૦/- નો થાય છે, જે સારવાર કરાવવા છતાં પણ દર્દીઓને કમનસીબે બચાવી શકાતા નથી કે લાંબુ આયુષ્ય ભોગવી શકતા નથી.  થેલેસેમિયાના બે પ્રકાર છે : (૧) થેલેસેમિયા માઈનોર જેમ કે અમિતાભ બચ્ચન કે જેને થેલેસેમિયા માઈનોર છે પણ તેને કોઈ સારવારની જરૂર નથી. (૨) થેલેસેમીયા મેજર અથવા રોગગ્રસ્ત પરિસ્થિતિ કે જેમાં જન્મેલા બાળકને જિંદગીભર લોહી, દવા, સારવારની જરૂર પડે છે. જો માતા-પિતા બંને થેલેસેમિયા માઈનોર હોય તો જ બાળકને  થેલેસેમિયા મેજર રોગ થવાની પુરેપૂરી શક્યતા રહેલી છે. થેલેસેમિયા મેજર મુખ્યત્વે તમામ જ્ઞાતિમાં અને ધર્મમાં જોવા મળે છે. રક્ત એ જ આ બાળકોનો ખોરાક છે માટે જ રક્તદાન પ્રવૃત્તિ જ આ થેલેસેમિયા પીડીત બાળકોના જીવનદીપને પ્રજવલિત રાખી શકે છે. થેલેસેમિયામાં શરીરમાં પુરતું હિમોગ્લોબિન બનતું નથી જેથી એનીમિયા થાય છે. જેનાથી માનસિક બિમારી લીવરની, સ્પ્લીન અને હૃદયની તકલીફ, શરીરનો વિકાસ ન થવો અને વન સામે જોખમ ઊભું થાય છે. હજુ પણ પૂરતી જાણકારીના અભાવને કારણે તેમજ લગ્નોત્સુક યુવક - યુવતિઓ લગ્ન પહેલાં થેલેસેમિયા ટેસ્ટ ન કરાવતા હોય , હજારો થેલેસેમિયા પીડીત બાળકો ભારતમાં જન્મ લે છે.


થેલેસેમિયા નાબૂદી અભિયાનમાં સૌ કોઈ સહકાર આપે તેવી પ્રાર્થના કરાઈ છે.  જેને વ્યાપક જ્ઞાતિ સમર્થન મળી રહ્યું છે. દરેક ગામ - શહેરનાં, દરેક જ્ઞાતિ દરેક ધર્મના, દરેક સેવાભાવી મેરેજ બ્યુરો, માહિતી કેન્દ્રો પણ આ પ્રકારનો નિયમ કરાવે તો જ થેલેસેમિયા મુક્ત સમાજનું નિર્માણ થઈ શકે તેવી શ્રી લોહાણા મહાપરિષદના દ્વારા અપીલ થઈ છે. આ ઉપરાંત આગામી દિવસોમાં મહાજનો દ્વારા પણ હવેથી મહાજનવાડીઓ લગ્ન/ સગાઈ પ્રસંગ માટે જેમને જોઈતી હશે તેઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવેલ હોય તેને જ ફાળવવાનો, સૌને લાગણીથી અને ભાવપૂર્વક તેમના જ હિતમાં સમજાવવાનો અનુરોધ કરાય તે અપેક્ષિત, અનિવાર્ય છે. શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વૈશ્વિક સ્તરે તમામ થેલેસેમિયા પીડીત બાળકો માટે અનેકવિધ સેવાકીય, સાંસ્કૃતિક, મનોરંજન પ્રવૃત્તિઓ સતત કરવામાં આવે છે, જેના ભાગરૂપે આ બાળકોને લોહીની આપૂર્તિ, દવા સહાય, શિક્ષણ સહાય વિવિધ દાતાઓના સહયોગથી અપાય છે. જેમ પોલીયો રોગની નાબૂદી કરવામાં સરકારને, સંસ્થાઓને સફળતા મળી તે જ રીતે થેલેસેમિયાની નાબૂદી કરવામાં હજુ વધુ અભિયાન સરકારી તંત્રો, સંગઠનો, સંસ્થાઓ, જ્ઞાતિઓ, મેરેજબ્યુરોના સંચાલકો, સ્કુલ-કોલેજો, વિશ્વવિદ્યાલયો ઉપાડે તે સમયની માંગ છે. શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સૌને સગાઈ અને લગ્ન પહેલાં, ગર્ભધારણ પહેલાં થેલેસેમિયા ટેસ્ટ કરાવવાની આગ્રહભરી અપીલ કરવામાં આવે છે.


આવો, આપણે સૌ સાથે મળી થેલેસેમિયા નાબૂદી અભિયાન માટે સતત જાગૃત રહીએ, વિવિધ સંસ્થાઓ તથા મહાજનો દ્વારા થેલેસેમિયા રક્ત પરિક્ષણ અને જાગૃતિ અંગેના યોજાતા કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઈએ. તમામ યુવાન દિકરા-દિકરીઓ થેલેસેમિયા રક્ત પરિક્ષણ કરાવી પોતાની સ્થિતિ અંગે સભાન રહી લગ્નસંબંધોમાં આગળ વધે તે સુનિશ્ચિત થાય તો નવી પેઢીનું કોઈપણ બાળક થેલેસેમિયાગ્રસ્ત નહીં હોય.

- ભરતભાઈ ઉનડકટ, અમદાવાદ







# સંસ્થા સમાચાર

## અમદાવાદ

શ્રી જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટ અને શશીકુંજ દિવ્યાંગ ક્લબના સંયુક્ત ઉપક્રમે શશીકુંજ અકાદમી ખાતે થેલેસેમિયા ડેના અનુસંધાનમાં "દિવ્યાંગ કાર્નિવલ" કાર્યક્રમ દ્વારા થેલેસેમિક બાળકો દ્વારા દિવ્યાંગ બાળકો માટે મનોરંજન અને સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. સિવિલ હોસ્પિટલ, અમદાવાદ સામે આવેલા થેલેસેમિયા ડે કેર સેન્ટરના બાળકોએ મહેનત કરી પોતાના આંતર કૌશલ્યને ખીલવી પોતાની શક્તિઓનો પરિચય આપ્યો હતો. રેડિયો જોકી આર.જે. કુનાલ દ્વારા પણ આ કાર્યક્રમને એક નવી ઊંચાઈ આપવામાં આવી હતી. ડૉ. અનિલ ખત્રીએ થેલેસેમિયા વિષે સૌને માહિતગાર કર્યા હતા અને આ રોગની નાબૂદી માટેના અભિયાનમાં સૌને માધ્યમ બનવા અપીલ કરી હતી. શ્રી યોગેશભાઈ લાખાણી તેમજ સુશ્રી ભૈરવીબેન લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં શ્રી અજયભાઈ ઉમટ (ચીફ એડિટર - નવગુજરાત સમય), શ્રી વૃંદાવનભાઈ સોલંકી (જાણીતા આર્ટીસ્ટ), શ્રી અશોકભાઈ દવે (જાણીતા કટાર લેખક - ગુજરાત સમાચાર), શ્રી પરાગભાઈ દેસાઈ (એકઝીક્યુટીવ ડાયરેક્ટર - વાઘબકરી ચા ગ્રુપ), શ્રી જીતેન્દ્રભાઈ ચૌહાણ (સીએમડી - ઝેડબ્યુ ગ્રુપ), શ્રી ચિરંજીવભાઈ પટેલ (ટ્રસ્ટી - કર્મા ફાઉન્ડેશન), શ્રી પાર્થ ઓઝા (ગાયક અને અભિનેતા), સુ મોનલ ગજ્જર (ગુજરાતી ફિલ્મ અભિનેત્રી), સુ ભાવિની જાની (ગુજરાતી ફિલ્મ અભિનેત્રી અને સમાજ સેવિકા) ઉપરાંત વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા સમાજશ્રેષ્ઠીઓ તેમજ શશીકુંજ અને જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટના હોદ્દેદારો ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ગોપી ડાઈનીંગ હોલના માલિક શ્રી દિલીપભાઈ ઠક્કરે કર્યું હતું.

**સંકલન : અલ્પેશ જોબનપુત્રા**

## મુંબઈ

ગૌરક્ષક, ધર્મ રક્ષક વીર જસરાજ દાદા મંડળ - મુંબઈ દ્વારા છેલ્લા ૧૪ મહિનાથી શ્રી કચ્છી લોહાણા મહાજન - મુલુંડના સહયોગથી મહાજનવાડીમાં દર ચંદ્રદર્શને જસરાજ દાદા ધૂપ આરતી યોજવામાં આવે છે. જે હવે આવતા મહિનાથી દર સુદ પાંચમે (સાંજે ૭.૩૦ થી ૮.૧૫) મહાજનવાડીમાં જ કરવામાં આવશે. જેથી ભાવિકો ઘરે અને અહીં મહાજનવાડીમાં એમ બંને પ્રસંગોનો લાભ લઈ શકે. શ્રી બીપીનભાઈ મહારાજના સંગાથે ઉપસ્થિત ભાવિકો દ્વારા ધૂપ આરતી, થાળ, રણગીત, અંજલિ ગીત બાદ સંગઠક શ્રી લાલજીભાઈ સરે ભાવિકોની ઈચ્છાને ધ્યાનમાં લઈ ઉપરોક્ત ફેરફારની વિગત સમજાવી મેમ્બરશીપ સંખ્યા વધારવા અનુરોધ કર્યો હતો. શ્રી જગજીવનભાઈ મુલજી તન્નાએ ધર્મરક્ષક તલવાર વીરોની પરંપરામાં શૌર્યવીર જસરાજ દાદાના ઈતિહાસનો ગૌરવપૂર્વક ઉલ્લેખ કર્યો હતો.

શ્રી કચ્છી લોહાણા મહાજન - મુંબઈની શિક્ષણ સમિતિ દ્વારા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે વોકેશનલ ગાઈડન્સ અને એપ્ટીટ્યૂડ ટેસ્ટનું આયોજન કરવું એવું મહાજનશ્રી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. એસ.એસ.સી., એચ.એસ.સી. પછી શું ? એવા વિદ્યાર્થી અને વાલીઓને મુંઝવતા પ્રશ્નના નિરાકરણરૂપે તેમજ વિવિધ વ્યવસાયિક કોર્સીસની માહિતી મળી રહે તે ઉદ્દેશ સાથે આ કારકિર્દી માર્ગદર્શન રવિવાર તા. ૧૩ મે, ૨૦૧૮ ના રોજ શ્રી કચ્છી લોહાણા મહાજન - મુંબઈ, ગોરધનદાસ જાદવજી રૂપારેલ હોલ, દરિયાસ્થાન હોલ, ત્રીજે માળે, દરિયાસ્થાન વડગાદી, મુંબઈ-૩૩ ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં જાણીતા બે દિગ્ગજ કાઉન્સેલરો - જન્મભૂમિ 'કેરિયર ગાઈડન્સ' કટાર લેખક, મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈએએસ, એકેડેમીના સંચાલક શ્રી વ્રજ પટેલ અને મયુરપંખ કાઉન્સેલીંગના શ્રીમતી નિરૂબેન છેડા વિદ્યાર્થીઓને વિવિધ અભ્યાસક્રમોની માહિતી સ્ક્રીન ડિસ્પ્લે દ્વારા આપશે. આ માર્ગદર્શન બે તબક્કામાં રહેશે. તા. ૧૩ મે, ૨૦૧૮ ના સવારના ચા-નાસ્તા બાદ ૯.૩૦ થી ૧.૦૦ સુધી કાઉન્સેલરો દ્વારા માર્ગદર્શન રહેશે. પ્રશ્નોત્તરીમાં પણ વિશેષ માહિતી મેળવી શકાશે. વાલીઓની હાજરી આવકાર્ય રહેશે. બપોરે મહાજનશ્રી તરફથી લંચ પછી ૨-૩૦ થી ૫-૩૦ સુધી એપ્ટીટ્યુટ ટેસ્ટ રહેશે. અભ્યાસક્રમમાં કઈ લાઈન લેવી એવી દ્વિધા અનુભવતા વિદ્યાર્થીઓના સુષુપ્ત મનમાં કયા અભ્યાસક્રમમાં રૂચિ છે તે આ ટેસ્ટથી જાણી શકાય છે.

**સંકલન : ચેતનાબેન મિશ્રાણી**

## જૂનાગઢ

જૂનાગઢ લોહાણા મહાજનના ઉપક્રમે તથા આદર્શ રઘુવંશી લોહાણા યુવક મંડળના સહકારથી ૩૮મા સમૂહલગ્ન યજ્ઞોપવિત કાર્યક્રમ તાજેતરમાં મહાજનના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મશરૂના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયેલ જેમાં ૩ નવદંપત્તિઓને પ્રભુતામાં પગલા પાડ્યા અને ૧૩ બટુકોએ યજ્ઞોપવિત ધારણ કરેલ હતી. સંતશિરોમણી જલારામ બાપાની જન્મ જયંતિના સમુહભોજનના પૂર્વ દાતાશ્રીઓ શ્રી હીરેનભાઈ કારીયા, રાજુભાઈ ભોજાણી, બ્રિજેશભાઈ પટેલીયા, કિરીટભાઈ ચંદારાણાને પણ સન્માનિત કરવામાં આવેલ હતા.

આ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાના જુદા જુદા ગામોના મહાજનશ્રીના પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ. તદઉપરાંત મહાજનના ઉપપ્રમુખ જશુભાઈ ઉનડકટ, અશ્વિનભાઈ મણીયાર, ડોલરભાઈ કોટેચા, નંદલાલ ચોલેરા, રમેશભાઈ પરપડા, કિશોરભાઈ ધનેશા, રવિભાઈ કારીયા, વિજયભાઈ ખખ્ખર, સંજયભાઈ ચોલેરા, નવિનભાઈ ઠકરાર, નિતિનભાઈ તન્ના, ગીરીશભાઈ આડતીયા, કિશોરભાઈ તન્ના, સુરેશભાઈ દત્તા, હરેશભાઈ સેજપાલ, નિલાબેન નથવાણી, પ્રતિભાબેન નાગ્રેચા, રોહિતભાઈ કાનાબાર, કમલભાઈ સુચક, જયેશભાઈ ખખ્ખર, હિતેશભાઈ રૂપારેલીયા, જગદીશભાઈ દેવાણી, પ્રવિણભાઈ રૂપારેલીયા વિગેરે જ્ઞાતિ અગ્રણીઓએ ઉપસ્થિત રહી શોભા વધારી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ચેરમેન દિપકભાઈ રૂપારેલીયા, નિતિનભાઈ તન્ના, પંકજભાઈ પલાણ, ભુપેન્દ્રભાઈ મુળીયા, હરેશભાઈ સેજપાલ, ભરતભાઈ રાયચુરા વિગેરે ભારે જહેમત ઉઠાવી હતી.

**સંકલન : નંદલાલ ચોલેરા**

# શાબાશ રઘુવંશી



યુપીએસસીની પરીક્ષામાં ગગનચુંબી સફળતા પ્રાપ્ત કરીને ગુજરાતમાં ફર્સ્ટ આવેલા મમતાબેન હરેશભાઈ પોપટે સૌરાષ્ટ્ર અને લોહાણા સમાજનું ગૌરવ વધાર્યું છે. યુપીએસસી-૨૦૧૭ ના પરિણામોમાં કેશોદની ૨૯ વર્ષીય **મમતાબેન હરેશકુમાર પોપટ** ભારતમાં ૪૪મા ક્રમાંકે સફળ રહ્યા છે. આ સાથે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન - સ્પિપાના કુલ ૨૦ ગુજરાતી યુવાનો યુનિયન સર્વિસ માટેની ફાઈનલ પરીક્ષામાં હાઈએસ્ટ મેરિટ સાથે ઉત્તિર્ણ થતા ગુજરાતમાં નવો ઈતિહાસ સર્જાયો છે. મમતાબેન હરેશકુમાર પોપટને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.....



સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગુજરાત સરકાર દ્વારા "ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ" રચના કરવામાં આવી છે. આ આયોગમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની નિમણૂંક થઈ જેમાં શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય ઉપાધ્યક્ષ (સંગઠન) તથા રાજકોટના અગ્રણી **શ્રી હસુભાઈ ભગદેવ**ની આયોગના ડાયરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી. તે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી ખૂબ ખૂબ શુભેચ્છા સહ અભિનંદન...



શ્રી લોહાણા મહાપરિષદના મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના યુવા અધ્યક્ષ તથા શ્રી હાલાઈ લોહાણા મહાજન અને ભારતીય જનતા પાર્ટીના બોરીવલી વિધાનસભા ક્ષેત્રના (ગુજરાતી સેલના મહામંત્રી) તરવૈયા યુવાન કાર્યકર શ્રી નિખિલભાઈ મનસુખભાઈ સુબાની ઉચ્ચત્તમ સેવાઓને ધ્યાને લઈ તેમજ મહારાષ્ટ્ર સરકારના શિક્ષણ મંત્રી શ્રી વિનોદ તાવડેજીના સહયોગથી **શ્રી નિખિલભાઈ S.E.O.** (સ્પેશિયલ એક્ઝિક્યુટિવ ઓફિસર) પદ પર નિયુક્ત થવા બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન. તેઓની આ પદ પર નિમણૂંકથી સમસ્ત લોહાણા સમાજનું ગૌરવ વધ્યું છે. આવનારા ભવિષ્યમાં પણ નિખિલભાઈ તેમની સેવાઓને ખૂબ ખૂબ ઉચ્ચ સ્તર પર લઈ જશે તેવી અપેક્ષા અસ્થાને નથી.



પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીના સુપુત્ર **શ્રી ઋષિ ભીમાણી** અને તેના સ્ટાર્ટઅપ લુટાલિકાએ ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ અને એન્ટ્રપ્રિન્યોરશિપ કાઉન્સિલ (GUSEC) ભારતના વાણિજ્ય પ્રધાન અને ઉદ્યોગ પ્રધાન શ્રી સુરેશ પ્રભુ અને ગુજરાતના શિક્ષણ પ્રધાન શ્રી ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમાના હસ્તે એવોર્ડ મેળવવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખૂબ ખૂબ અભિનંદન.....



મુંબઈ અંધેરી (વેસ્ટ) માં નિવાસ કરતા શ્રી રૂપેશકુમાર કાંતિભાઈ ચંદારાણાની સુપુત્રી **ચિ.વૈષ્ણવી** તાજેતરમાં ઓલ ઈન્ડિયા CET ની પરીક્ષામાં ૯૯.૯૯% માર્ક મેળવી સમગ્ર ભારતભર રેન્ક થ્રી મેળવીને (ત્રીજા ક્રમે) ઉત્તીર્ણ થઈ જ્ઞાતિનું અને માતાપિતાનું ગૌરવ વધારેલ છે અને હાલમાં MBA (ફાઈનાન્સ) JB MSt કોલેજમાં પ્રવેશ મેળવી વધુ અભ્યાસે જોડાશે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી ચિ. વૈષ્ણવીને ખૂબ ખૂબ અભિનંદન...

# પૂ.ભાણસાહેબ સમાધિસ્થાન કમીજલા મુકામે વિશ્વવંદની સંત શ્રી મોરારી બાપુની પધરામણી અને ફેબ્રુઆરી, ૨૦૧૭ માં યોજાયેલ ''માનસ રઘુવંશ'' કથાની પ્રસાદીરૂપે કમીજલા મુકામે અદ્યતન સદ્‌ગુરુ સદનનું લોકાર્પણ





તા.૧૭ એપ્રિલ ને મંગળવારના રોજ પૂ.ભાણસાહેબ સમાધિસ્થાન કમીજલા ખાતે વિશ્વ વંદનીય સંત શ્રી મોરારિબાપુ દ્વારા શ્રીમતી જશોદાબેન જયંતિલાલ ઠક્કર (બહુચરાજીવાળા) પરિવાર સદ્‌ગુરુ સદન અને સંતશ્રી ભાણ સાહેબ ભંડારનું લોકાર્પણ થયું. ટૂંકાગાળાની નોટિસમાં ગોઠવાયેલા આ કાર્યક્રમમાં આ તીર્થ સાથે જોડાયેલા લોહાણા સમાજના લગભગ ૫૦૦ જેટલા ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ સ્થાનના મહંત પૂ.શ્રી જાનકીદાસ બાપુના સીધા સંકલનથી યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમ રૂપાલા, પૂર્વ ગૃહમંત્રી શ્રી રજનીભાઈ પટેલ તથા અન્ય દાતાશ્રીઓ અને મહેમાનો અને આસપાસની દેહાણ જગ્યાના ગુરૂશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્ય દાતા પરિવાર (શ્રી નરેશભાઈ ઠક્કર - બહુચરાજી) તથા આ નિર્માણ કાર્યમાં રૂા. ૫,૦૦,૦૦૦/-ના અનુદાનથી સહભાગી થયેલા ૧૪ જેટલા દાતા પરિવારનું અભિવાદન કરવામાં આવ્યું હતું અને આ તમામ પરિવારોએ પૂ. મોરારિબાપુ પાસેથી આશીર્વાદ મેળવ્યા હતા. શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી પરષોત્તમ રૂપાલાજીએ રસાળ શૈલીમાં હૃદયસ્પર્શી ઉદ્‌બોધન થકી પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. પૂ.મોરારિબાપુએ પણ ભાણતીર્થમાં આવીને જાણે સંતોષ અનુભવતા હોય તેવી લાગણી સાથે આશીર્વચનની શરૂઆત કરી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. લગભગ ૮.૩૦ કલાકે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સૌએ ભોજન પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જાણીતા લોકસાહિત્યકાર શ્રી જગદીશભાઈ ત્રિવેદી તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવેલ.





સંકલન : શ્રી વિનોદભાઈ ગોકલાણી





# શૈક્ષણિક સ્કોલરશિપ - ૨૦૧૮

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વ. રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત ધો.૫ થી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ યોજનાનું ફોર્મ શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ **www.lohanamahaparishad.org** પર તા.૧-૬-૨૦૧૮ના રોજ મૂકવામાં આવશે. આ સહાય જરૂરી પરિવારો સુધી પહોંચે તે માટે ફક્ત સરકારી, ગ્રાન્ટેડ (જે સંસ્થાના શિક્ષકો / અધ્યાપકોના પગાર સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવતા હોય)ના જ વિદ્યાર્થીઓની અરજીઓની ખરાઈ કરી આવા ફોર્મ મહાજનશ્રી કે સ્થાપિત સંસ્થાની ભલામણથી તા. ૩૦ જૂન સુધીમાં અમદાવાદ ખાતેના મધ્યસ્થ કાર્યાલય પર પહોંચાડવા વિનંતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટે પસંદગી પામતા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા દર માસે આવી અરજીઓ માટે વિદ્યાર્થીઓને માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર આમંત્રિત કરી તેની જરૂરિયાત અંગેની સત્યતાની ખરાઈ કરી રૂા. ૫૦,૦૦૦/- સુધીની મર્યાદામાં આવી સહાય ત્વરિત આપવામાં આવે છે. માતૃસંસ્થાના આ સેવાયજ્ઞમાં શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી કે. સી. ઠક્કર , શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી જેવા સમાજશ્રેષ્ઠીઓ તથા રઘુકુળ શિક્ષણનિધિ તેમજ શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈનો ખૂબ સુંદર સાથ સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ગત વર્ષમાં લગભગ ૧૫૦ થી પણ વધારે વિદ્યાર્થીઓને રૂા. ૨૫,૦૦૦ થી રૂા. ૫૦,૦૦૦ સુધીની સહાય ચૂકવવામાં આવેલ છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે દાતાશ્રીઓ દ્વારા મળતા દાનની સરવાણીનો સંપૂર્ણ સદ્‌ઉપયોગ થાય અને આ લક્ષ્મી જે તે ઉદ્દેશ માટે જ વપરાય તે માટે મધ્યસ્થ કાર્યાલયની ટીમ સંપૂર્ણપણે કટિબધ્ધ છે. - શશીકાંતભાઈ કાનાણી (કન્વીનર, સ્કોલરશિપ)



**RNI NO. : GUJ/GUJ/2011/44815**
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th May, 2018




**If Undelivered return to:**
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)